

# પાઘડીની પોટલી

રાજપરના ઠાકોર ભલા માણસ હતા.

પહેલાં તો તેઓ રાજપર ગામના રાજા હતા. આખા ગામના માલિક હતા. ભારત દેશમાં એ સમયે ગોરા અંગ્રેજોનું રાજ હતું. એમનું રાજ ગયું અને લોકોનું રાજ થયું. ત્યારે રાજાઓનાં રાજ પણ ગયાં. એમાં રાજપરનું ગામ પણ ઠાકોર પાસેથી ગયું. ગામના લોકોએ પંચાયત બનાવી. ઠાકોર ભલા અને માયાળુ હતા. ગામના લોકોને તેમના પર હેત હતું. તેથી બધાએ ઠાકોરને પંચાયતના સરપંચ બનાવી દીધા.

મિયાં ફુસકી ઠાકોરના નોકર હતા, પણ મિયાં ઉપર ઠાકોરને ઘણું હેત હતું. તેથી પોતાનું કોઈ પણ કામ હોય તો મિયાં ફુસકીને જ એ કામ કરવાનું કહેતા.

ઠાકોરના દીકરાને પરણાવવાનો હતો. એ માટેની તૈયારી કરવાની હતી. શું જોઈએ અને શું કરવું એનો વિચાર કરતા હતા.

મિયાં કહે : "એ બધી વાતો તભા ભટ જાણે છે. પરણાવવાનું અને કથાવારતા કરવાનું કામ ભટજી જ કરે છે. લો, તેમને બોલાવીએ."

ઠાકોરને આ વાત ગમી. તભા ભટને બોલાવી લીધા. દીકરાને પરણાવવામાં શું શું જોઈશે એ પૂછ્યું.

ઠાકોર કહે : "આપણે ધામધૂમમાં ખોટું ખરચ જરાય કરવું નથી. બધું સાદાઈથી કરવું છે."

મિયાં કહે : "આપણે એવા મૂરખ નથી કે ખોટી ધામધૂમમાં રૂપિયા બગાડીએ. એ કામ તો મોટા પ્રધાનોનું. આપણે કંઈ પ્રધાન નથી બની ગયા.



સારા પ્રધાનો એવું નથી કરતા, પણ કોઈ ગઠિયો પ્રધાન બની બેસે તો ન કરવાના ધંધા કરે."

ઠાકોર કહે : "પણ એક કામ તો કરવું જ પડશે. આપણે આખા ગામને જમાડવું છે."

મિયાં હસતાં હસતાં બોલ્યા : "આ વાત અમને ગમી. સારા સમયમાં નાનામોટા બધા મીઠાં ભોજન જમે અને આનંદ પામે એવું તો કરવું જ જોઈએ. એમાં આપણા હરિજન ભાઈઓને તો ખાસ જમાડવાના."

ભટજી કહે : "હરિજન તો પહેલાં. પછી બીજા બધા."

ઠાકોર કહે : "એ વાત પાકી."

મિયાં કહે : "સો ટકા પાકી."

ઠાકોર કહે : "તો એક કામ કરો. વાસદ જવું પડશે. ત્યાં અમારા ખાસ મિત્ર નટવરસિંહ સોલંકી છે. તેમને વહેલા બોલાવવાના સમાચાર આપવાના છે. વાસદથી ચોખા, દાળ અને શાકભાજી લાવવાની ગોઠવણ તેઓ કરશે. જમણવારની બધી ગોઠવણ તેમને સોંપવાની છે. તો તમે વાસદ જાઓ અને બધી વાત કહી આવો. હું કાગળ લખી આપું છું. એમાં બધું લખી દઈશ."

મિયાં કહે : "કાગળ-બાગળની કશી જરૂર નથી. અમે કાગળ કરતાંય વધારે સરસ રીતે મોઢેથી સમજાવી દઈશું."


ભટજી કહે : "કાગળ તો લખવો જ જોઈએ."

મિયાં ચિડાઈ ગયા. કહે : "અક્કલ છે તમારામાં?"

ભટજી કહે : "કેમ?"

મિયાં કહે : "તો એમ કે જીવતા-જાગતા આ મિયાં ફુસકી સાથે જવાના છે. પછી શા માટે કાગળ લઈ જવો પડે?"

ઠાકોર કહે : "કાગળ તો અમસ્તો સુખ-સમાચારનો જ લખવો છે."



મિયાં માથું ડોલાવીને કહે : "એ વાત બરાબર." લખી નાખો કાગળ. સવારમાં જ ઊપડી જઈએ. બસમાં બેઠા કે પહોંચી ગયા વાસદ."

આમ વાસદ જવાનું નક્કી થયું. બીજા દિવસે વાસદ પહોંચી ગયા. વાસદ પાસે જ મહી નદી આવી. પુલ ઉપર બસ દોડતી ગઈ.

મહી નદી જોઈને મિયાં બોલ્યા : "ભટજી! તમે મોટા પંડિત છો? તો કહી આપો કે મહી નદી કોની દીકરી?"

ભટજી કહે : "ચૂપ!"

મિયાં કહે : "કેમ?"

ભટજી કહે : "કોઈ તમને મૂરખા કહેશે."

મિયાં કહે : "કેમ?"

ભટજી કહે : "કેમ કેમ ને નાખો મહીના પાણીમાં."

મિયાં કહે : "કેમ?"

ભટજી રીસથી બોલ્યા : "હજી કેમ કેમ બકો છો?"

મિયાં હવે કેડ ટટ્ટાર કરીને બોલ્યા : "તમારામાં અક્કલનું એક ટીપુંય નથી. એમ કહો ને કે એ વાત તમે જાણતા જ નથી કે મહી નદી કોની દીકરી. માથે તપેલા જેવો પાઘડો મૂકો છો."

ભટજી કહે : "તો તમે કહી દો. નદી કોઈ ભાઈબહેન નથી કે એ કોઈની દીકરી બને."

જરા મોઢું મલકાવીને મિયાં બોલ્યા : "હાં, હવે જરા અક્કલ ઊગી. પહેલાં જ એમ કહી દીધું હોત કે અમે નથી જાણતા તો અમેય તરત કહી દીધું હોત કે મહી નદી એ સાગરની દીકરી છે."

પાછળની સીટ પર બેઠેલા એક ભાઈ બોલી ઊઠ્યા : "હા ભાઈ! આ મિયાંની વાત સો ટકા સાચી છે. મહી નદી તો બીજી ગંગા પણ કહેવાય છે.



સાગરની દીકરી તો ખરી જ. સાગરમાં ઓટ આવે ત્યારે સાગરનાં પાણી મહી નદીમાં ઠેઠ વાસદ સુધી આવે છે."

મિયાં મોજમાં આવી ગયા. ત્યાં તો બસ ઊભી રહી ગઈ. બસમથક આવી ગયું.

ભટજી કહે : "ઊભા થાઓ."

મિયાં કહે : "કાં?"

ભટજી કહે : "કાં કાં બોલે તે કાગડા."

આ સાંભળીને બીજા મુસાફરો પણ હસી પડ્યા.

મિયાં કહે : "પણ છે શું?"

ભટજી કહે : "આ વાસદનું બસમથક આવી ગયું."

મિયાં સટાક કરતા ઊભા થઈ ગયા અને બોલ્યા : "તો એમ કેમ કહેતા નથી કે બસસ્ટૅન્ડ આવી ગયું. તમે મોટા ફોજદાર હો એમ અમને હુકમ કરો છો કે ઊભા થાઓ. એમ ઊભા થઈ જઈએ એવા અમે ઢીલાપોચા નથી. હા, અમે સિપાઈબચ્ચા!"

ભટજી કહે : "બક બક પછી કરજો."

બધા ઉતારુઓ ઊતરી ગયા.

મિયાં ઊભા થયા અને ઝડપથી ભટજીની આગળ જઈને બસમાંથી ઊતરી પડ્યા.


'હવે?' મિયાં બોલ્યા.

ભટજી કહે : "હવે એટલે?"

મિયાં કહે : "કાં?"

ભટજીને રીસ ચડી ગઈ. મોઢું ફુલાવીને મિયાં સામે જોઈ રહ્યા.

મિયાં કહે : "દેડકા જેવા ડોળા કાઢીને જોઈ શું રહ્યા છો? જે કહેવું હોય એ મોઢેથી બોલો."



ભટજી કહે : “તો સાંભળો કે હવે તમે કાં કાં બોલશો તો એક ઝાપટ મારી દઈશ.”

મિયાં કહે : “અમે એટલા માટે કાં બોલ્યા કે આપણે ગામમાં જવાનું છે કે મહી નદીને કિનારે?”

તભા ભટ કહે : “આપણે ગામમાં જવા આવ્યા છીએ. મહી નદીને કિનારે જઈને શું કરવું છે?”

ફુસકી મિયાં બોલ્યા : “ભટજી! આવ્યા છીએ તો ચાલો મહીમાં નાહતા જઈએ.”

ભટજી બોલ્યા : “આપણે અહીં નાહવા નથી આવ્યા.”

મિયાં કહે : “આ મહીસાગર નદી છે. એ સાગરની દીકરી કહેવાય છે. તમે જ કહેતા હતા કે મહીમાં નાહવાથી ગંગાજીમાં નાહવા જેટલું પુણ્ય થાય છે. બોલો, મહીમાં નહાઈશું તો પુણ્ય કોને મળશે? કહો કે તમને. અમે મિયાં એટલે અમને તો પુણ્ય મળવાનું નથી.”

ભટજી બોલ્યા : “અમારે પુણ્ય નથી જોઈતું.”

મિયાં કહે : “ના જોઈએ તો કંઈ નહીં. તમે ના નાહશો, અમે નાહીશું. પછી ત્યાં મહીનાં કોતર પણ જોવા મળશે. જાણે કે હિમાલયની ખીણોમાં ચાલતા હોઈએ એવી મઝા મળે છે.”

તભા ભટે ઘણી ના કહી પણ મિયાં માન્યા નહીં. મહીસાગરમાં નાહવાની હઠ લીધી.

ભટજી કહે : “તો ઝટ ચાલો. ત્યાં કશું અડપલું કરશો નહીં. નાહીને સીધા મારગે પાછા આવવાનું છે.”

